# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

સાચી નિર્દેષક સુપ્રીમ સામે ભવાં કાઢી નાખે છે,
ન્યાય, નીતિ અને કાયદાનાં રૂવાં કાઢી નાખે છે,
દવા કરી નાખે બચાવની, ગુન્હેગારોની ગેંગ -
મૂલ્ય સભર ચૂકાદાઓની હવા કાઢી નાખે છે..
(‘સુપ્રીમ’ ચુકાદાનું ‘ગંગાજળ’ પાડાઓ ની પીઠે)

**હાઇકુ**

‘બનાવે મૂર્ખ!’
- સ્વપ્નો નો સોદાગર..
સમજે બાળ!?
(હું PMનાં સપનાં જોતો નથી)

થશે જાહેર!
એંકૌંટર મોડેલ -
હવે પ્રચારે..
(આદર્શ - ગુજરાત)

## ચિંતન

**ઉપાર્જિતાનાં વિત્તાનો ત્યાગ એવહિ રક્ષણમ્ ।**

આ ચાણક્ય સૂત્ર છે :

ઉપાર્જિત ધનનું દાન એ જ એની સુરક્ષા છે.

આજની તારીખમાં, બધા જ માનનીય પ્રધાનશ્રીઓ અને સન્માનીય સચિવોના બધાં લોકર-બેંક ખાતા-ફીક્સ ડિપોઝીટો-જમીન-પ્લોટ-ફાર્મહાઉસ અને બંગલા જપ્ત કરી પછી પગારની માસિક આવક સાથે એ બધાની કિંમતનું સમાધાન કરવામાં આવે તો કોઇના ય ટાંટિયા-આંકડા મળે નહીં - બધાની આવક કરતાં (પગારની) મિલ્કતોની માત્રા મોટી જ હોય - જયારે સરકાર બદલાય ત્યારે તપાસ થાય. કેસ નોંધાય અને સંસદમાં ટેકાના સોદા થાય તો ક્લીનચીટ પણ મળી જાય!

માયાવતી-મુલાયમ-જયાબેન બધાં આ રીતે ‘પવિત્ર’ જાહેર થઇ જાય છે..

આવાં કાળા નાણાં સાચવવા, ચારિત્ર્ય માટે, સંતાનો માટે, તંદુરસ્તી માટે જોખમકારક જ છે.

ધનનો સાચો ઉપયોગ સમાજકલ્યાણ અને જરૂરિયાત મંદ ગરીબોને સહાય માટે જ થવો જોઇએ. ધનની ત્રણ જ ગતિ છે, દાન કરવું, પ્રમાણમાં રહી ભોગ ભોગવા અને ધર્મકાર્ય કરી સત્કાર્યોમાં વાપરી નાખવું.

દાન કરવું એ ધનની ઉત્તમ ગતિ છે.

## સુવિચાર

- પ્રેમમાં, ત્યાગમાં, અંત સુધી માનવીય ગરિમા ન છોડવામાં, દરેક ક્ષણને જીવી લેવામાં અને લાગણીઓનાં તોફાનો વચ્ચે જાતને સંભાળી લેવામાં જે ધન્યતાનો અનુભવ થાય તે જ સાચો આનંદ છે **- પૂજ્ય મોટા**
- જન્મ્યા છીએ માનવ તરીકે તો મશાલ બનીને જીવીએ, જલતાં રહીયે જાતે પણ પંથ અન્યના ઉજાળીએ, વૃક્ષની જેમ સહીને તડકો, આશ્રય આરામ આગંતુકને આપીએ, અથડાઇયે, કુટાઇયે નદીની જેમ, તરસ્યાની તરસ છીપાવીએ **- એસ. ભટ્ટાચાર્ય**
- જે ત્યાગ કરે છે તે જ ભોગવે છે, જેને ભોગવવું છે તેણે ત્યાગ કરવો જ પડે **- ઉપનિષદ**
- ભોગમાં મેળવવાની ચિંતા, સાચવવાની ચિંતા, ગુમાવવાની ચિંતા એટલે જ ભોગ સાથે ચિંતા રહેલી છે **- લોંગ ફેલો**
- ગુપ્ત રીતે કરેલો અપરાધ જીવનભર હૃદયમાં કાંટાની જેમ ખૂચ્યા કરે છે **- માનસ સૂત્ર**
- પ્રાણ સમર્પણ શ્રેયસ્કર છે, અહં સમર્પણ વિશેષ શ્રેયસ્કર છે **- રાજચંદ્ર**
- ‘સત્’ ને પરખવામાં જ આપણું સત્ત્વ અને સ્વત્વ, એમાં જ દૈવત, એ જ આપણી સુરક્ષા ને એ જ આપણું સામર્થ્ય **- ભાગવત્**

## બોધ કથા

રેડિયોમાં સવારે પાંચથી સાત આવતાં ભજન આપણી પ્રભાતને સુપ્રભાત બનાવી દિવ્ય આનંદ આપે છે. એમાં એવો કોઇ દિવસ કે એવું કોઇ કેન્દ્ર નથી હોતું જેમાં ‘શ્રી ભીમસેન જોષી’નું શાસ્ત્રીય ભજન સાંભળવા ન મળે!

કર્ણાટકના ધારવાડમાં સાવ સામાન્ય મધ્યમવર્ગ કુટુંબમાં જન્મેલા ભીમસેનને ઘી-ભાત ખૂબ ભાવતાં, ભાતમાં ઘી, દાળની જેમ રેડીને જમે..

**એકવાર મા એ કહ્યું, ‘તારા પિતા શિક્ષક છે એટલે ગામ લોકો ‘ઘી’ મફત આપી જાય છે એ તું દાળની જેમ ખાઇ શકે છે પણ જો તું જાતે કમાઇ ત્યારે ઘીના ભાવ અને ખર્ચની ખબર પડશે!’**

ભીમસેન માની આ ટકોરથી હચમચી ગયા અને ઘર છોડી ગયા. સંગીતનો શોખ તો હતો જ ખૂબ રઝળપાટ કરી અનુભવ-દુખો પ્રાપ્ત કર્યા. ખુદાબક્ષ મુસાફર તરીકે ટ્રેનોમાં ફરતા રહ્યા.

પરંતુ ઇશ્વરકૃપાથી ગ્વાલિયરના રાજય દરબારના શાસ્ત્રીય ગાયક ઉસ્તાદ શ્રી હાફિઝ અલી ખાન સાહેબ તે આજના સરોજવાદક અમજદઅલી ખાનના પિતાશ્રી તેમને ગુરૂ તરીકે પ્રાપ્ત થયા અને ભીમસેન જોષીને સંગીત સાધનાનો રાજમાર્ગ મળી ગયો..

આપણને આજના પ. ભીમસેન જોષી સાંપડ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# શેરઅલી નામનો અફઘાનિસ્તાની પઠાણ ફોર્ટીયરનો રહેવાસી હતો, કાળાપાણીની સજામાં અહીં આવતાં પહેલાં એ અંગ્રેજોની ફોજમાં સિપાઇ હતો

**આંખે દેખ્યું આંદામાન**


**- નટવર હેડાઉ**

વાઇપર દ્વીપને કિનારે જઇ અમારી બોટ લાંગરી એટલે સૌ ઉતરી દ્વીપનું સૌંદર્ય નિહાળવા પથ્થરની કેડી પર આગળ વધ્યા, દૂર દૂર નજર જાય ત્યાં સુધી હરિયાળી પથરાયેલ હતી. સમગ્ર વિસ્તાર વૃક્ષાચ્છાદિત હતો તેમાં દૂર પુરાતન ઇમારતો વૃક્ષોનાં ઝુંડની વચ્ચે વચ્ચે દેખાતી હતી. ત્યા અમારે જવાનું હતું. કેટલાક ખંડેરો જોતા કોઇ મોટી ઇમારત હોય તેવો ભાસ થતો હતો. અમને જાણવા મળ્યું કે સૌ પહેલાં ઇ.સ. ૧૭૮૯માં કાળાપાણીની સજા માટે કેદીઓને રાખવા અહીં જેલ બની હતી. આ જેલનું નામ ચેનગ્યાંગ જેલ હતુ. પુરતી દેખભાળ વગર અને સુનામીને કારણે આ પુરાતન ઇમારત ને ઘણું નુકશાન થયેલ હોય તેમ જણાતું હતું. આજુબાજુ ઘાસ ઊગી ગયેલું હતું. ભીંતો પર વેલાઓ ચડી ગયેલાં હતા. જેલની આ દુર્દશા જોઇ અમે સૌ આગળ વધ્યા. અહીં નારીયેળીનાં વૃક્ષો ઘણાં જોવા મળે છે. લાલ રંગની ઇંટોથી બનેલી ઘુમ્મટ અને બુરજો વાળી ઇમારત યુરોપીયન સ્થાપત્યના એક અદ્ભૂત નમુના રૂપ હશે તેની સહજ કલ્પના કરતાં ઇતિહાસના એ કાળમાં આપણે સરકી જઇએ છીએ. ત્યારે આપણા ક્રાંતિકારીઓ પણ અંગ્રેજો એ કરેલાં જુલ્મો અત્યાચારો અને મૃત્યુદંડ આપવા સુધીનાં પાશવી કૃત્યોની કહાણી કહેતી ફાંસી ઘરની ઇમારત દૂર નજરે પડે છે.

અમે ચાલતાં ચાલતા ફાંસીગરની ઇમારતની સામે આવી ઉભા રહ્યાં. આંદામાનના પ્રવાસે આવનાર મોટા ભાગના પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લેતા હોય છે. આ ઐતિહાસિક ઇમારતનો ઘણો ભાગ તૂટી ગયેલો છે. લીલોતરી વચ્ચે લાલ રંગની ઇમારત જુદી પડે છે. ઉપર એક ઘુમ્મટ છે. મોટી બારીઓ અને બારણાં છે. જેના ઉપરનાં ભાગ પુરોપીયન શૈલીનાં ગુંમ્બજ ગોળાકાર છે. અહીં શેર અલીની કથા જાણવાની સહજ ઇચ્છા થઇ આવે તે સ્વાભાવિક છે.

શેરઅલી નામનો અફઘાનિસ્તાની પઠાણ ફોર્ટીયરનો રહેવાસી હતો. કાળાપાણીની સજામાં અહીં આવતાં પહેલાં એ અંગ્રેજોની ફોજમાં સિપાઇ હતો. જમીનની બાબત તેના કૌટુંબિક કારણોસર તેના હાથે ખુન થઇ ગયેલું. અહીંની તેની સજા પુરી થઇ ગયા પછી પણ તેને છોડવામાં આવતો ન હતો. તેથી તે કંટાળી ગયો હતો અને માનસિક તાણ અનુભવતો હતો. જો કે હોપટાઉનમાં એક એક સ્વતંત્ર કેદી રૂપે જીવન વિતાવતો હતો. આજીવિકા તરીકે તેણે નાઇનો ધંધો સ્વીકારેલો હતો.

જેમ જેમ સમય વિતવા લાગ્યો તેમ તેમ તેને પોતાને છૂટવાની આશા કયાંક દેખાતી ન હતી. તેથી તે વધુ બેચેની અનુભવવા લાગ્યો હતો. તેના કારણે તેના મનમાં અંગ્રેજો પ્રત્યે એક આક્રોશ અને વેરભાવ જાગ્યો હતો. તેથી એ મોકો શોધતો હતો. તેને મનમાં એમ થયા કરતું કે જો કોઇ અંગ્રેજ અધિકારીને મારવાનો મોકો મળી જાય તો તેન મોતને ઘાટ ઉતારૂં તો જ મારા મનને શાંતિ વળશે. અને મને આ નરકની જિંદગીમાંથી કાયમ માટે છૂટકારો મળી જશે. તેમાં બન્યું એવું કે ૭મી ફેબ્રુઆરી ૧૮૭૨ ના દિવસે સવારે તે એક ગ્રાહકની હજામત કરતો હતો ત્યારે વાત વાતમાં તેને જાણવા મળ્યું કે અંગ્રેજ હકુમતનો કોઇ લોર્ડ કાલે આવી રહ્યો છે. પછી તો વાત જ શું પુછવી. તે આકુળવ્યાકુળ થઇ ગયો. આ તરફ લોર્ડ બેયો તેની પત્ની સાથે પહેલીવાર આ ટાપુઓની મુલાકાતે આવ્યો. ત્યારે સામે દેખાતા માઉન્ટ હેરિયર પહાડની સુંદરતાથી એટલો પ્રભાવિત થયો કે તેને એ પર્વત પર જવાની ઇચ્છા થઇ આવી આ પર્વત સમુદ્રની સપાટીથી ૧૨૦૦ ફૂટ ઊંચો છે. લગભગ ત્રણ વાગ્યાનો સમય હશે. લોર્ડ મેયો એ તે સમયના અધિક્ષક જનરલ સ્ટુઅર્ટ સાથે માઉન્ટ હેરિયટ પર ટ્રેકિંગ કરવા નીકળી પડ્યો. પહાડની ટોચે પહોંચીને તેણે આસપાસના ટાપુઓ પર નજર નાંખી, ત્યારે તેના મોંમાંથી શબ્દો સરી પડ્યા. ‘વાહ! સ્વર્ગ તો આને જ કહેવાય.’ પછી તો પુછવું જ શું તેને તરત જ જનરલ સ્ટુઅર્થને આદેશ આપ્યો કે અહીં એક સુંદર સમર હિલ બંગલો બનાવો.



વાતો વાતોમાં સાંજ ઢળવા લાગી. સુર્યાસ્ત થઇ રહ્યો હતો. અસ્ત થતા સૂર્યના કિરણોથી સમુદ્રનું પાણી ઝગમગી ઉઠ્યું હતું. સાડા પાંચની આસપાસ લોર્ડ મેયોની ટૂકડી હાથમાં સળગતી મશાલો લઇને ધીરેધીરે પહાડ પરની નીચે ઉતરી રહી હતી.

આપણે આગળ જોઇ ગયા કે આ પૂર્વનો પ્રદેશ હોવાથી અહીં સવાર વહેલી થાય છે. તેમ સાંજ પણ સાડા પાંચ વાગતાં અંધારૂં થવા લાગે છે.

આ લોકો હજુ હોપટાઉન જેટ્ટી સુધી પહોંચે તે પહેલાં જોરદાર પવન ફુંકાવા લાગ્યો અને વરસાદ શરૂ થઇ ગયો. પવનના તેજ થપાટા ને કારણે મશાલો બુઝાઇ ગઇ અને તે દરમિયાન એક ચીસ સંભળાઇ. ત્યારે સુરક્ષાદળના સિપાઇઓ ગભરાયા. મશાલો સળગાવીને જોયું તો સામે લોહીથી લથબથ લોર્ડ મેયો જમીન પર પડેલ તરફડીયા મારતાં દેખાયો. તેની સામે એક હાથમાં ઝગારા મારતું ઘાતક હથિયાર લઇને ઊભો હતો. અત્યંત ગંભીર રીતે ગાયલ હાલતમાં લોર્ડ મેયોને જનરલ સ્ટુઅર્ટ કંપતા હાથે ઊંચકી ને મોટર બોટ સુધી લાવ્યો પણ ત્યાં જ તેનું પ્રાણ પંખેરૂં ઊડી ગયું.

બીજી તરફ લોર્ડ મેયોની બોટ જયાં લાંગરી ને ઊભી રાખવામાં આવી હતી. ત્યાં સુંદર રોશની કરવામાં આવી હતી. તેથી વિજળીને ઝગમગાટ રોશનીમાં બોટ પર કોઇ ઉત્સવ જેવું વાતાવરણ લાગતું હતું. કારણ કે ત્યાં ધીમા સ્વરે અંગ્રેજી બેંડ વાગી રહ્યું હતું. લોર્ડ મેયોની પત્ની અધિરાઇ પૂર્વક ડેક પર આમતેમ આંટા મારતી તેને આવવાની રાહ જોઇ રહી હતી.

પરંતુ જયાં લોર્ડ મેયોનાં મૃતદેહને લઇને મોટર બોટ તેની નજીક પહોંચી તો એ દૃશ્ય જોઇને લોર્ડ મેયોની પત્ની ચીસ પાડતી બેભાન થઇ ગઇ. બોટ ઉપરની વીજળીના દીવા જાણે કે ઝાંખા પડી ગયા. એ રીતે કાળાપાણીની આ ધરતી પર અંગ્રેજો સામ્રાજયનો એક ચિરાગ બુઝી ગયો.

અંગ્રેજોએ તે સમયે વાઇપર દ્વીપ પર પહેલી જેલ બનાવી હતી. અહીંનાં ફાંસી ઘરમાં લોર્ડ મેયોનાં હત્યાકાર શેર અલીને ૧૧ માર્ચ, ૧૮૭૨ના દિવસો મોતની સજા આપવામાં આવી. ત્યારે એવું કહેવાય છે કે ઇંગ્લેન્ડની રાણી વિકટોરીયાને સ્ટુઅર્ટને એવો આદેશ આપેલો કે આ ખુની પઠાણને તડપાવી તડપાવીને મારવો. પ્રતિશોધની જવાળામાં સળગતા શેર અલીને તો લોર્ડ મેયોમાં પોતાને સજા કરનાર જજ દેખાયેલો તેથી તેણે તેને ખતમ કરી નાંખ્યો અને પોતે પણ વાઇપર દ્વીપના આ ફાંસીઘરમાં તડપી તડપીને જિંદગીનો અંત આણી એ રીતે મુક્તિ પામ્યો પણ તેની આ કૃત્ય બદલ આ દ્વીપ પર રહેલાં લોકોનાં દિલોમાં તે રાજ કરવા લાગ્યો. દ્વીપ વાસીઓનાં સન્માનનો તે હકદાર બની ગયો.

વાઇપર દ્વીપની આ જેલમાં સ્વતંત્રતા સંગ્રામનો હીરો જગન્નનાથ પુરીના મહારાજા વીર કિશોરસિંહ દેવને પણ બંધક બનાવી રાખવામાં આવ્યા હતા. આ દ્વીપની ખુલ્લી જેલમાંથી ફરાર કેદીઓને પકડવા માટે મ્યાંમારથી મોટા પ્રમાણમાં કુતરાઓ લાવવામાં આવ્યા હતા. જેને આંદામાનના આદિવાસીઓની હસ્તકલા, મધ અને અન્ય વન્ય પેદાશોનું ઉત્પાદન અને વેચાણ થાય તે માટે એક દુકાન રાખવામાં આવેલી. પરંતુ એ લોકો પોતાની વસ્તુઓ ઘેર ઘેર જઇને વેચતાં જે પાછળથી બંધ કરવામાં આવેલું. કારણ કે એમ.વી. પોર્ટમેન નામના એક મનોવિજ્ઞાની અંગ્રેજ આંદામાન હોમ, અનાથાશ્રમ અને આદિવાસીઓનો સુધરેલા સમાજ સાથે સંપર્ક અને તેના પરિણામો પર એક રિપોર્ટ તૈયાર કરેલ તેમાં આદિવાસીઓની જીવન શૈલી, તેમની પરંપરાઓ વિગેરેની જાળવણી માટે તેમને તેમની મૂળ બોલી સિવાયની ભાષામાં શિક્ષણ આપવું તે ઉચિત નથી એવું તેણે પ્રતિપાદિત કર્યુ. વળી તેણે રિપોર્ટમાં એમ પણ જણાવ્યું કે જયાં કેદીઓને રાખવામાં આવ્યા હોય ત્યાં આદિવાસીઓ ને રાખવા કરતાં તેઓ જંગલી જીવન જીવે એ જ બહેતર ગણાય.

જો કે તેમ છતાં અંગ્રેજો એ આંદામાનના આ ટાપુઓ પર ૩૪ જેટલાં ગામો વસાવ્યાં. જેમાં અંગ્રેજોએ એવા કેદીઓને પોતાનું નવું જીવન શરૂ કરવા માટે ખાસ પ્રોત્સાહિત કર્યા જેમની કાળાપાણીની સજા પુરી થતી હતી અને જે લોકો પરત પોતાના વતન કે ઘેર જવા માંગતા ન હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જાણીતા લોક સાહિત્યકાર જોરાવરસિંહ જાદવને ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર એનાયત થનાર છે

**● સાહિત્ય સમાચાર સેતુ**

● ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદની મધ્યસ્થ સમિતિની આગામી ચુંટણીમાં ૫૯ જેટલા ઉમેદવારો ઊભા રહ્યા છે જેમાં ગાંધીનગરમાંથી - કનૈયાલાલ ભટ્ટ, કેશુભાઇ દેસાઇ, ધ્વનિલ પારેખ, પ્રજ્ઞા પટેલ, ફિલિપ ક્લાર્ક, હરિકૃષ્ણ પાઠક જેવા સાહિત્યકારોએ ઉમેદવારી નોંધાવી છે. તા.૧૭-૯-૨૦૧૩ સુધી મત પત્ર મોકલવાનું છે. તેની ગણતરી તા. ૨૧-૯-૨૦૧૩ ના રોજ થનાર છે.

● ‘ગઝલ વિશ્વ’ ના સંપાદક અને જાણીતા ગઝલકાર રાજેશ વ્યાસ ‘મિસ્કીન’ ડેંન્ગ્યુના રોગમાં સપડાયા છે. તે જલ્દી સાજા થાય તે માટે શુભેચ્છા પાઠવીએ.

● જાણીતા લોક સાહિત્યકાર જોરાવરસિંહ જાદવને ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર એનાયત થનાર છે.

● કાવ્યગોષ્ઠિ અને એસ.ડી. આર્ટ્સ કોલેજ માણસાના ઉપક્રમે તા.૧-૯-૨૦૧૩ના રોજ સાહિત્ય સત્ર યોજાઇ ગયું. તેના ઉદઘાટક અને અધ્યક્ષ પદે જાણીતા વિવેચક અને ‘જલારામ દીપ’નાં તંત્રી સતિષ ડણાક રહ્યા હતા. જયારે અતિથિ વિશેષ પટે વી.સી. પરીખ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડો. મફત ઓઝાને શબ્દાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તે પછી ગઝલ, નાટક, વિવેચક, ટૂંકી વાર્તા તેમજ અનુવાદ જેવા વિષયો પર વ્યાખ્યાનો યોજાયા હતા. તેમજ કવિ સંમેલન રાખવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરનાં કવિઓ ભરત કવિ ‘ઉર્મિલ’, પ્રવિણ ગઢવી, પ્રજ્ઞાબહેન પટેલ, મુકેશ જોષી અને નટવર હેડાઉ એ પોતાની રચનાઓ રજૂ કરી હતી.

● ગાંધીનગર સાહિત્ય સભાની આગામી માસિક બેઠક તા. ૮-૯-૨૦૧૩ના સાંજે ૫.૦૦ કલાકે બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ગાંધીનગર ખાતે મળશે. જેમાં સભ્યો અને સર્જકો દ્વારા મૌખિલ કાવ્ય કૃતિઓ રજૂ થશે.

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સભ્ય નોંધણીની કામગીરી ચાલુ હોઇ તા. ૧૫-૯-૨૦૧૩ સુધીમાં પ્રમુખ શ્રી દોલત ભટ્ટ, ઉપપ્રમુખ ભરત કવિ કે મંત્રી નટવર હેડાઉનો સંપર્ક સાધવા જણાવ્યું છે.

● બાળ સાહિત્યના હિત-વિકાસ અને ગૌરવને માટે બાળ સાહિત્ય અકાદમી, અમદાવાદ દ્વારા (૧) ડો. નગીન મોદી, વિજ્ઞાન લેખન પુરસ્કાર અને (૨) કંચન રશ્મિન -શ્રેષ્ઠ બાળ સાહિત્ય પુસ્તક પુરસ્કાર છેલ્લા બે વર્ષમાં પ્રગટ થયેલાં સને ૨૦૧૦-૨૦૧૧ ના પુસ્તકોને એનાયત કરવામાં આવનાર છે. પુરસ્કારની રકમ રૂા. ૩૦-૯-૨૦૧૩ સુધી નીચેનાં સરનામે મોકલી શકાશે.

બાલ સાહિત્ય અકાદમી C/o યશવંત મહેતા

● તાજેતરમાં શ્રી ભદ્રેકર વિદ્યાદીપક જ્ઞાન વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત શ્રી વસંત ગઢવીએ ‘કવિ દુલા કાગ’ વિશે ગુજરાત વિશ્વકોષ ખાતે વકતવ્ય આપ્યું હતું.

● હિંદી ભાષામાં કાવ્ય સર્જન કરતા સર્જકોની જાણીતી સંસ્થા ‘સાહિત્યાલોક’ ના ઉપક્રમે તાજેતરમાં ગાંધીનગર ખાતે કવિ લલીત અગ્રવાલના નિવાસસ્થાને કાવ્યગોષ્ઠિનો કાર્યક્રમ યોજાઇ ગયો જેમાં ગાંધીનગરના કવિઓ બાબુદાન ગઢવી, નટવર હેડાઉ, કનૈયાલાલ ભટ્ટ, ભરત કવિ ‘ઉર્મિલ’, તેમજ સોમભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની કૃતિઓ રજુ કરી હતી.

● હિન્દી સાહિત્ય પરિષદ અમદાવાદ દ્વારા આગામી હિન્દી દિવસ ઉજવણીનાં સંદર્ભે કાવ્ય, કહાની, નિબંધ, વકતૃત્વ વૈજ્ઞાનિક નિબંધ, હિન્દી પ્રતિભા શોધ, માનસમંથન, ગીતાજ્ઞાન અને સંચાર માધ્યમ જેવી વિષયો અંગે પ્રતિયોગિતાઓ રાખવામાં આવેલ છે.

● ‘સાહિત્યાલોક’ અમદાવાદ દ્વારા હિન્દીભાષાના સર્જકો માટે કવિવર રામચેત વર્મા ગૌરવ પુરસ્કાર, શ્રીમતી મોતી દેવી, લોહાર સ્મૃતિ પુરસ્કાર, ગદ્ય ગરિમા પુરસ્કાર, વાગ્દેવી પુરસ્કાર, સાહિત્યાલોક અલંકાર પુરસ્કાર માટે કાવ્ય રચનાઓ તેમજ લઘુ કથાઓ અને તાજેતરમાં પ્રગટ થયેલાં પુસ્તકો મોકલવા જણાવાયું છે. સંપર્ક - ડો. ઋષિપાલ ધિમાન, ૬૬ શ્રીનાથી બંગલોઝ, ચાંદખેડા, અમદાવાદ.

● લોદરા માધ્યમિક શાળામાં ‘સર્જક સાથે ગોષ્ઠિ’ કાર્યક્રમ અંતર્ગત જાણીતા કવિ નટવર હેડાઉના વકતવ્યનો કાર્યક્રમ યોજાઇ ગયો. તેમાં શાળાના આચાર્ય ભરતભાઇ પંડ્યા દ્વારા સર્જકનો પરિચય, સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૭૩૪ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ ‘શબ્દ સેતુ’

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર ‘દધિ’

**● કાવ્યસેતુ : મેઘરાજા**

**સ્વાગતમ્**

આવો મેઘરાજા, આવો મેઘરાજા...
વધાવીએ મનભરી અમે મોંઘેરા મહારાજા...
- આવો મેઘરાજા... આવો મેઘરાજા...
અંતરના ઉમળકા નાચે, મનના તો મોરલીયા નાચે...
ખેડૂઓનાં હૈયા હરખે, ઢોર ઢાંખરના દુઃખ ભરખે...
- આવો મેઘરાજા... આવો મેઘરાજા...
ચાંદો સૂરજ ટોડલા તારા, દિવસ રાત તો શોભા દેતા...
ઝગમગ થઇને ચમકે તારા, બની ચંદરવો આભે સારા...
- આવો મેઘરાજા... આવો મેઘરાજા...
વિજળીનો ચમકારા મારે, બની હીરાનો હાર કંઠે...
ગડગડાટ વાદળનો ભારે, દોડ્યા જાય છડી પૂકારે...
- આવો મેઘરાજા... આવો મેઘરાજા...
કાળા ભમ્મર વાદળ જાણે, ગજરાજોની સવારી આભે...
નીર ભરીને નાચે કરવા, અભિષેક ધરતીને માથે...
- આવો મેઘરાજા... આવો મેઘરાજા...
ધરતીનો તું છે માણીગર, તુજ વિના ધરતી છે નિર્જળ...
તવ મિલનથી જગ સુખ પામે, સંસારે સૌ પડતું થાળે...
- આવો મેઘરાજા... આવો મેઘરાજા...
ધરતી માને થઇ દિવાળી, ચુંદડી લીલીછમ્મ ઓઢાડી...
રંગરંગીલી, ભાત ભરેલી, ઝૂમે નવલી નાર નવેલી
- આવો મેઘરાજા... આવો મેઘરાજા...

**- રમણલાલ એમ. શ્રીમાળી**

# આપણા દેશનો ગૌરવવંતો ઈતિહાસ જાણીએ અને આપણી પેઢીઓને જણાવીએ, ઈતિહાસ માનવીને ઘડે છે... દિશા આપે છે

## કૃતિશીલ દેશભકિત

**- હર્ષદ પ્ર. શાહ**

દેશભક્તિનું બીજ તો દેશમાં વસતા જન-જનના હૃદયમાં વવાયેલું જ હોય છે. ખાતર-પાણીની, યોગ્ય આબોહવા, વાતાવરણ અને ખાતર-પાણી મળે તો એ બીજમાં વટવૃક્ષ બનવાની ક્ષમતા રહેલી છે.

આપણા રાષ્ટ્રને સમર્થ - બળવાન બનાવવું હોય તો દેશભક્તિનાં બીજને સક્રિય બનાવવા પડશે. કેવળ દેશભક્તિની વાતો નહીં ચાલે, આપણી પ્રત્યેક કૃતિમાં, આપણા આચરણમાં દેશભક્તિ અભિવ્યક્ત થવી જોઇએ. પેઢી દર પેઢીએ દેશભક્તિનું હસ્તાંતરણ થવું આવશ્યક છે.... પણ તે સૈદ્ધાંતિક ચર્ચાઓથી નહીં દેશભક્તિપૂર્ણ કૃતિઓથી થઇ શકશે.

તો, આ વાતની વધુ ચર્ચા ન કરતાં સીધો એનો વ્યાવહારિક પક્ષ જોઇએ... કૃતિશીલ દેશભક્તિમાં ખપાવી શકાય એવી કૃતિઓની યાદી બનાવીએ -

(૧) આપણા દેશના કોઇ પણ વ્યક્તિ સાથે ભાષ્ટ્રભાષા હિન્દીમાં અથવા તેની માતૃભાષામાં વાત કરીએ. (અંગ્રેજી પર પ્રભુત્વ, સ્વામિત્વ મેળવીએ... પણ તેનો ઉપયોગ વિદેશ-વ્યવહારમાં જ કરીએ.)

(૨) આપણા હસ્તાક્ષર પણ માતૃભાષામાં કે રાષ્ટ્રભાષામાં કરીએ. યાદ રાખીએ કે હસ્તાક્ષરના માધ્યમથી આપણે અભિવ્યક્ય થઇએ છીએ. અને આપણી અભિવ્યક્તિ સાથે આપણા દેશની ઓળખ પણ જોડાયેલી છે.

(૩) આપણો જન્મદિવસ તિથિ પ્રમાણે એટલે કે ભારતીય સંવત્સર પ્રમાણે ઉજવીએ, અંગ્રેજી તારીખ પ્રમાણે નહીં, આપણે ભારતની ભૂમિમા જન્મ્યા છીએ. આપણા જન્મ જેવી મહત્ત્વની ઘટનાને સ્વદેશના સત્ત્વ સાથે જોડીએ.

(૪) આપણો જન્મદિવસ ભારતીય પરંપરા અને પદ્ધતિથી ઉજવીએ, કેક કાપીને કે મીણબટ્ટી બુઝાવીને નહીં. આપણા જન્મની ઘટનાને અજવાળા સાથે જોડીએ, અંધારા સાથે નહીં. માટે ભગવાનના ચિત્ર કે ભગવાનની મૂર્તિ સમક્ષ દીવો સળગાવીને, પ્રાર્થના કરીએ, વડીલોનાં આશીર્વાદ લઇને અને સમાજ માટે કંઇક સમર્પણ કરીને ઉજવણી કરીએ. મિત્રો અને સગા-વહાલા પાસેથી ભેટસોગાદની અપેક્ષા ન સેવતાં કંઇક એવું કરીએ કે ત્યાગ ભાવના વિકસે.

(૫) સ્વદેશી ચીજ-વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખી.

(૬) India નહીં, ભારત બોલીએ.

(૭) અન્ન, પાણી, વીજળી જેવી રાષ્ટ્રીય સંપત્તિનો વ્યય ન કરીએ.

(૮) ક્રિકેટ જેવી રમતોને બદલે કબડ્ડી, ખો-ખો, ફૂટબોલ, વોલીબોલ હોકી જેવી રમતોમાં રૂચિ વધારીએ.

(૯) પોતાના દેશ વિશે કયારેય ઘટતું કે અરૂચિકર ન બોલીએ, કારણ કે આપણા સમાજના બધા ગુણ-દોષ માટે આપણે જ જવાબદાર છીએ. આપણે જ દોષોનું પરિમાર્જન કરવું રહ્યું.

(૧૦) ટાઇ પહેરવાનું બંધ કરીએ... જો પહેરતાં હોઇએ તો ટાઇ જેવું વસ્ત્ર આપણા દેશની ભૌગોલિક સ્થિતિ અને સંસ્કૃતિ સાથે જરાય સુસંગત નથી. ઠંડા પ્રદેશોમાં ઠંડીની બચવા માટે ટાઇ પહેરવામાં આવતી હશે... આપણો દેશ તો ઉષ્મા - ઉષ્ણતાથી છવાયેલો છે. આપણા પ્રદેશમાં તો ટાઇ પહેરવી પણ અવૈજ્ઞાનિક છે. ગળા ફરતે ટાઇનાં બંધનથી રૂધિરાભિસરણ તંત્ર પર માઠી અસર થાય છે. મસ્તકમાં લોહી જતું અવરોધાય છે. સ્મૃતિ શક્તિ અને મગજશક્તિ ઉપર આની સીધી અસર થાય છે. ટાઇનો ગણવેશ નિર્ધારિત કરનાર સ્કૂલો બાળકો પર કેવો જુલમ ગુજારે છે તેનો તેમને ખ્યાલ નથી. વિદેશી વાનરવેડાની - અંધાનુકરણની આ પરાકાષ્ઠા છે. લોકો જ જો આ અંગે જાગૃત થઇ ટાઇ પહેરાવનાર સંસ્થા - સંગઠનોનો વિરોધ કરે તો કોની તાકાત છે અહીં આવું સાહસ કરે!? છેવટે ભારત તો વિશ્વનું સૌથી મોટું માર્કેટ છે ને!

(૧૧) અંગ્રેજી મીડીયમની સ્કૂલોમાં આપણાં બાળકોને ન જ ભણાવીએ. ભારત સિવાય અન્ય કોઇ દેશ પોતાના બાળકોને વિદેશી ભાષામાં ભણાવતો નથી. એક વિષય તરીકે અંગ્રેજી ભલે ભણાવીએ. પણ માધ્યમ તો એ જ પસંદ કરીએ જેમાં હસવું આવે, રડવું આવે, સ્વપ્ન આવે, ગુસ્સો આવે. જે ભાષામાં આપણી સંવેદનાઓ પ્રગટ થાય એ ભાષામાં જ સંસ્કાર પ્રક્રિયા પણ થાય. માતૃભાષા કે રાષ્ટ્રભાષા માધ્યમમાં ભણેલા વ્યક્તિ નમસ્કાર કે જયશ્રી કૃષ્ણ કહેતાં બે હાથ જોડવામાં સંકોચ નહીં અનુભવે, પણ અંગ્રેજી મીડીયમમાં ભણેલાને એટીકેટનાં બંધનો નડશે અને એ ‘હાય’ કહી હસ્તધૂનન કરવમાં જ ગૌરવ અનુભવશે. ભાષાની પાછળ પાછળ જે તે ભાષાના સંસ્કાર આવ્યા વિના રહેતા નથી. અને વ્યક્તિ - વ્યક્તિના આવા સંસ્કારો જે સંસ્કૃતિ પ્રત્યે અસભ્ય તો ન જ બની શકાય. જગતના બધા પ્રગત દેશોએ પોતાની ભાષાની આંગળી પકડીને જ પ્રગતિ કરી છે. પારકી ભાષામાં કોઇ દેશ પાંગરી શકતો નથી એ યાદ રાખીએ.

(૧૨) આપણે આપણું ઘર, મોહલ્લો, ગામ અને દેશ બધું સ્વચ્છ રહે એવો પ્રયત્ન કરીએ. ગંદકીને કારણે વ્યક્તિગત અને સામાજિક સ્વાસ્થ્ય બગડે છે. ગમે ત્યાં થૂંકીને નહીં, કચરો નાખીએ નહીં, છેવટે આ પરિસર, આ રસ્તો અને આ ભૂમિ આપણાં જ છે. એમને સ્વચ્છ રાખવાથી અહીં સ્વર્ગ રચાશે અને અસ્વચ્છ રાખવાથી નકર પણ અહીં જ રચાશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)